જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૭/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૩૦૫ | ૮ | ૯૩૧૯ | ૧૫૩૬૩ | ૮ | ૧૫૩૭૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૦ | ૪૨૬૨ | ૫૭૭૮ | ૦ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૨ | ૧ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૬૫૨ | ૮૦ | ૧૦૭૩૨ | ૧૧૩૯૧ | ૭૯ | ૧૧૪૭૦ |
| કુલ | | ૨૪૨૬૧ | ૮૯ | ૨૪૩૫૦ | ૩૨૭૩૫ | ૮૭ | ૩૨૮૨૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૦ | ૪,૯૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૮૯ | ૬,૩૭,૮૦૦/- |

# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

## "નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ફિલ્મી ઢબે કારનો પીછો કરી રૂ.૧,૬૩,૯૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૦૬.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના એ.એસ.આઇ ધનરાજસિંહ માનસિહ, અ.હે.કો.મુકેશભાઇ રામાભાઇ, અ.હે.કો.રાજેન્દ્રસિંહ જીવતસિંહ, અ.હે.કો.જગદિશકુમાર કાંતીલાલ, અ.હે.કો.ચેતનસિંહ નટવરસિંહ, અ.પો.કો.કેયુરભાઇ ધીરુભાઇ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.હે.કો.મુકેશભાઇ રામાભાઇ તથા અ.હે.કો.જગદિશકુમાર કાંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે સરદાર પટેલ સ્ટેડીયમ સર્કલ પાસેથી એસ.પી.રીંગરોડ, રાજથાળ પાસે ખાંચામાં કાચા રસ્તા સુધી ફિલ્મી ઢબે કારનો પીછો કરી નહી પકડાયેલ આરોપીઓ નરેશ ચંપકલાલ ખત્રી તથા સીયાઝ કારના ચાલક નાઓનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો ૭૫૦ મી.લી.બોટલ નંગ.૩૪૭ કિ.રૂ.૧,૬૩,૯૦૦/- તથા સીયાઝ કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬,૬૩,૯૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી નવરંગપુરા પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૩૬૨૦૦૫૯૧/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે. ,

### આરોપીઓ : વોન્ટેડ

(૧) નરેશ ચંપકલાલ ખત્રી રહે.અભિલાષા એપાર્ટમેન્ટ, વાડજ, અમદાવાદ

(૨) સીયાઝ કાર નં. GJ-01-RK-7620 નો ચાલક (૩) એક અજાણ્યો ઇસમ

### ગુનાની જગ્યા :

સરદાર પટેલ સ્ટેડીયમ સર્કલ પાસેથી એસ.પી.રીંગરોડ, રાજથાળ પાસે ખાંચામાં કાચા રસ્તા સુધી

## પકડાયેલ મુદામાલ :

(૧) બનાવટનો વિદેશી દારુનો જથ્થો ૭૫૦ મી.લી.બોટલ નંગ.૩૪૭ કિ.રૂ.૧,૬૩,૯૦૦/- તથા સીયાઝ કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬,૬૩,૯૦૦/-










## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ, ૫૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## મૃત હાલતમાં ભૃણ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૦

**અમરાઇવાડીઃ** તા.૦૫/૦૭/૨૦૨૦ કલાક ૮/૫૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી સુખસાગર ઓડાના મકાન બ્લોક નં એફ/૧૫ તથા એફ/૧૬ વચ્ચે ખુલ્લી જગ્યામાં ત્યજી દીધેલ ભૃણ મૃત હાલતમાં મળી આવતા આ અંગે અમરાઇવાડી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૦

**સરદારનગરઃ** (૧) રાજેશ નારાયણદાસ નૈનાણી (ઉ.વ.૪૫) (રહે. મકાન ૬૮ જુના “જી” વોર્ડ દાદનભાઇ દરબાર સામે કુબેરનગર સરદારનગર) એ તા.૦૫/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૧/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૯૦૬૩૦૬૩૨૬ તથા ૬૨૮૯૯૬૫૬૯૩ ના ધારકે રાજેશ નૈનાણીના મોબાઈલ પર કેવાયસી પુરૂ થાય ગયેલ છે તેવો મેસેજ મોકલી ફોન કરવાનુ જણાવતા રાજેશ નૈનાણીએ મોબાઈલ નંબર ૮૯૦૬૩૦૬૩૨૬ ઉપર ફોન કરતા ફોન ઉપાડેલ નહી અને સામેથી રાજેશ નૈનાણીને ફોન કરી કેવાયસી અપડેટ કરાવુ પડેશ નહીતર તમારૂ પેટીએમનુ એકાઉન્ટ બ્લોક થઇ જશે તેમ કહી રાજેશ નૈનાણીને કહેલ કે હુ ફોન ચાલુ રાખુ છુ તમે તમારા મોબાઇલ ફોનમા પ્લે સ્ટોરથી ક્વીક સપોર્ટ એપ્લીકેશ ડાઉન લોડ કરો જેથી રાજેશ નૈનાણીએ આ ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉન લોડ કરેલ અને રાજેશ નૈનાણી પાસેથી ક્વીક સપોર્ટનો નંબર માંગી તેઓએ જણાવેલ કે તમારે હવે પેટીએમનુ સેવિંગ એકાઉન્ટ ખોલવુ પડશે અને તેના માટે પ્રોસેસ કરવી પડશે તેમ કહી રાજેશ નૈનાણીના મોબાઇલ ફોનમા ઓનલાઇ પ્રોસેસ કરી કુલ રૂપિયા ૭૯,૦૧૦/- પેટીએમ વોલેટમાંથી ઓન લાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) જયરામ દિનાનાથ યાદવ (ઉ.વ.૪૬) (રહે. સુભાષનગરના ટેકરા ઓમ પ્રકાશ હિન્દી વિધ્યાન આગળ નોબલનગર સરદારનગર) એ તા.૦૫/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૦ સવારના ૧૦/૪૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૬૨૯૪૬૫૧૫૦૪ ના ધારકે જયરામ યાદવના મોબાઈલ પર ફોન કરી હું ડીસ કંપની માંથી બોલુ છું અને તમારા ડીસ ટીવીનુ રીચાર્જ પુરૂ થઈ ગયેલ છે તમારે રૂપિયા ૧૦/- ચાર્જ ભરવો પડશે તેમ જણાવી ડેબિટ કાર્ડનો નંબર તથા ફોનમાં આવેલ ઓટીપી નંબર માંગી તમારી ટીવીનુ રીચાર્જ થઈ જશે તેમ કહી અલગ-અલગ સમયે જયરામ યાદવના બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૨૪,૯૯૮/- ઓનલાઇન ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**એરપોર્ટઃ** અજીત સ/ઓફ રાજકુમાર ક્રિષ્નાની (ઉ.વ.૩૯) (રહે. જય હરિકૃષ્ણ સોસાયટી જવાહર કોલોની સરદારનગર) એ તા.૦૫/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૬૭૯૧૦૪૫૭૪ ના ધારકે અજીત ક્રિષ્નાનીના મોબાઈલ પર ફોન કરી વિશ્વાસમા લઈ મોરાટોરીયમ ફેસીલીટી આપવાની લાલચ આપી ફરિ.ના મોબાઇલ ફોનમા આર.બી.એલ બેંક કિવક સર્વીસ.કોમ એપ ડાઉનલોડ કરાવી અજીત ક્રિષ્નાનીના ક્રેડીટકાર્ડમાથી રૂપિયા ૨૩,૫૯૯/- ઓનલાઇન ટ્રાંજેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૦**

**રામોલઃ** અશરાર અહેમદ નિસારખાન પઠાણ (રહે. આયેશા ડુપ્લેક્ષ જૈન દેરાસર પાછળ જનતાનગર રામોલ) એ તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૩૦ થી તા.૨૭/૦૬/૨૦૨૦ કલાક ૩/૦૦ વાગ્યા દરમયાન પોતાના મકાનની પાછળ લોખંડની જાળી ઉંચી કરી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાથી સોનાની ચેઇન પેંડલ સાથે કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, સોનાની કાનની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, હાથના ચાંદીના પૌચા નંગ-૨ કિમત રૂપિયા ૨૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

**શહેરકોટડાઃ** વિનોદસિહ રાજેન્દ્રસિહ પરિહાર (રહે. જાલમપુરીની ચાલી ઇન્ડિયા બુલ્સ ફલેટની બાજુમાં સરસપુર) એ તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૦૪/૦૭/૨૦૨૦ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન, સોનાનુ મંગળસુત્ર, સોનાની કાનની રીંગ નંગ-૨, સોનાની કાનની બુટ્ટી નંગ-૨ ચાંદીની લક્કી, ચાંદીની પગની પાયલ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૩,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિલુભાઇ વજુભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ફરમાનઉલ્લા હયાતખાન બહેલીમ (રહે.નુરભાઇ ધોબીની ચાલી સરકારી દવાખાના પાછળ ગોમતીપુર તથા નુરભાઇ ધોબીની ચાલી મદિના મસ્જીદ પાછળ ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૩૦ થી સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર મદિના મસ્જીદની પાછળ નુરભાઇ ધોબીની ચાલી ખાતેના પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૪,૭૦,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૫/૨૦૨૦**

**નરોડાઃ** નિલેશ નારણભાઇ જુંડાલ (ઉ.વ.૧૯) (રહે. હરીઓમ એપાર્ટમેન્ટ નવજીવન સ્કુલ સામે નવા વાડજ) તા.૦૫/૦૭/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે નાના ચિલોડા ગોબરેશ્વર મંદીર નજીક નદીના પાણીમા ન્હાવા જતા ડુબી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોદા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યોગેશકુમાર શેમ્યુલભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી